# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 11-06-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર સંસ્કૃતિ ભુંડીયા વાંચે છે.

**************************************************

1) આતંકવાદ અંગેના ભારતના અભિગમને વિશ્વ સમક્ષ રજૂ કરીને પરત ફરેલા સર્વપક્ષિય પ્રતિનિધિમંડળોની કામગીરી પર પ્રધાનમંત્રીએ ગર્વ વ્યક્ત કર્યો.

2) દેશમાં પૂર વ્યવસ્થાપનના જોખમો ઘટાડવા તમામ આપત્તિ વ્યવસ્થાપન મંડળોને સંકલન સાધવા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહનું સૂચન.

3) સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે જણાવ્યું કે- વર્ષ 2029 સુધીમાં 3 લાખ કરોડ રૂપિયાના સંરક્ષણ ઉત્પાદનનો લક્ષ્યાંક.

4) અમેરિકાના લોસ એન્જલસમાં મરીન અને નેશનલ ગાર્ડને તૈનાત કરવાના ટ્રમ્પ તંત્રના નિર્ણયને રોકવા તાત્કાલિક પ્રતિબંધના આદેશની વિનંતીને અદાલતે ફગાવી.

5) ભારતીય અવકાશયાત્રી શુભાંશુ શુક્લા અને અન્ય ત્રણ લોકોને લઈ જનાર એક્સિઓમ 4 મિશન બીજી વખત મુલતવી.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM ON DELEGATION

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ, સર્વપક્ષિય પ્રતિનિધિમંડળોની કામગીરીને બિરદાવી છે. તેમણે કહ્યું હતું કે, પહેલગામ આતંકવાદી હુમલા અને ઓપરેશન સિંદૂર બાદ, આતંકવાદના ભયને નાબૂદ કરવાની જરૂરિયાત પર બહુપક્ષીય પ્રતિનિધિમંડળોએ જે રીતે ભારતના વિચારો રજૂ કર્યા તેના પર તેમને ગર્વ છે.

ગઈકાલે, પ્રધાનમંત્રીએ વિશ્વની 33 રાજધાનીઓની મુલાકાત કરીને પરત ફરેલા સંસદસભ્યો અને ભૂતપૂર્વ રાજદ્વારીઓ સહિત બહુપક્ષીય પ્રતિનિધિમંડળોના સભ્યોનું સ્વાગત કર્યું. સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ કહ્યું કે આ પ્રતિનિધિઓએ શાંતિ પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતા અને આતંકવાદના ભયને નાબૂદ કરવાની જરૂરિયાતને વિસ્તૃત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

# SHAH- FLOOD PREPAREDNESS

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે નવી દિલ્હીમાં દેશમાં પૂર વ્યવસ્થાપનની તૈયારીઓની સમીક્ષા કરવા માટે એક ઉચ્ચ સ્તરીય બેઠકની અધ્યક્ષતા કરી હતી. આ બેઠકમાં, શ્રી શાહે દેશમાં પૂરના જોખમને ઘટાડવા માટે લેવામાં આવી રહેલા લાંબા ગાળાના પગલાં અને ગયા વર્ષે યોજાયેલી બેઠકમાં લેવામાં આવેલા પગલાંની સમીક્ષા કરી હતી.

ગઈકાલે એક નિવેદનમાં, ગૃહ મંત્રાલયે જણાવ્યું કે, શ્રી શાહે બેઠકમાં પૂર વ્યવસ્થાપન માટે તમામ એજન્સીઓ દ્વારા અપનાવવામાં આવેલી નવી તકનીકો અને તેમના નેટવર્કના વિસ્તરણની ચર્ચા કરી હતી. શ્રી શાહે એમ પણ કહ્યું કે

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ, ભારતનું આપત્તિ વ્યવસ્થાપન શૂન્ય જાનહાનિ અભિગમ સાથે આગળ વધી રહ્યું છે.

તેમણે રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળને રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળો અને જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળો સાથે સંકલન કરવા નિર્દેશ આપ્યો હતો જેથી પાયાના સ્તરે પ્રારંભિક ચેતવણીનો પ્રસાર સુનિશ્ચિત થાય. તેમણે NDMA અને NDRFને રાજ્યો સાથે સંપૂર્ણ સંકલનમાં કાર્યક્ષમ પૂર વ્યવસ્થાપન તરફ કામ કરવા જણાવ્યું. શ્રી શાહે પૂર નિયંત્રણ અને જળ વ્યવસ્થાપન માટે વિવિધ કેન્દ્રીય એજન્સીઓ દ્વારા અવકાશ ટેકનોલોજીના મહત્તમ ઉપયોગ પર પણ ભાર મૂક્યો. શહેરી વિસ્તારોમાં પૂરની વધતી જતી ઘટનાઓનો ઉલ્લેખ કરતા, શ્રી શાહે તમામ કેન્દ્રીય એજન્સીઓને આ શહેરોમાં પૂર નિયંત્રણ માટે જરૂરી, સમયસર પગલાં લેવા અને મોટા શહેરોમાં પૂર વ્યવસ્થાપન માટે એક વ્યાપક યોજના તૈયાર કરવાનો નિર્દેશ આપ્યો.

# REV.RAJNATH SINGH-DEFENCE PRODUCTION

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે જણાવ્યું હતું કે સરકારે 2029 સુધીમાં ત્રણ લાખ કરોડ રૂપિયાના સંરક્ષણ ઉત્પાદનનો લક્ષ્યાંક નક્કી કર્યો છે. ઉત્તરાખંડના દેહરાદૂન ખાતે આયોજિત ‘રાષ્ટ્રીય સુરક્ષા અને આતંકવાદ’ વિષય પર એક કાર્યક્રમને સંબોધતા શ્રી રાજનાથ સિંહે ઉમેર્યું કે, આ સમયમર્યાદામાં સંરક્ષણ ક્ષેત્રમાં દેશની નિકાસ 50 હજાર કરોડ રૂપિયા સુધી પહોંચી જશે.

સંરક્ષણ મંત્રીએ ભાર મૂક્યો હતો કે, વાર્ષિક સંરક્ષણ ઉત્પાદન, જે 2014માં લગભગ 40 હજાર કરોડ રૂપિયા હતું, તે આજે 1.30 લાખ કરોડ રૂપિયાના રેકોર્ડ આંકડાને પાર કરી ગયું છે.

## (બાઇટ- રાજનાથ સિંહ, સંરક્ષણ મંત્રી)

મંત્રીએ જણાવ્યું કે, નાણાકીય વર્ષ 2024-25માં સંરક્ષણ નિકાસ 23 હજાર 622 કરોડ રૂપિયા સુધી પહોંચી છે અને ભારતમાં બનાવેલા સંરક્ષણ ઉત્પાદનો લગભગ 100 દેશોમાં નિકાસ કરવામાં આવી રહ્યા છે.

## JAISHANKAR- EU

વિદેશ મંત્રી એસ જયશંકરે ભારત- યુરોપિયન યુનિયન મુક્ત વેપાર કરાર (FTA) માટે ભારતનું સમર્થન જાહેર કર્યું છે.

વિદેશ અને સુરક્ષા નીતિ માટેનાયુરોપિયન યુનિયનના ઉચ્ચ પ્રતિનિધિ, કાજા કલ્લાસ સાથે સંયુક્ત પત્રકાર પરિષદ દરમિયાન, જયશંકરે ભારત અને EUને ઉભરતી અર્થ વ્યવસ્થાના બે મહત્વપૂર્ણ બળો ગણાવ્યા હતા. અગાઉ બંને નેતાઓએ બ્રસેલ્સમાં સંરક્ષણ અને સુરક્ષા, દરિયાઈ સુરક્ષા, સાયબર અને અવકાશના ક્ષેત્રો અંગેની મુક્ત અને પરિણામલક્ષી વાટાઘાટો કરી હતી. શ્રી જયશંકરે કહ્યું કે, યુક્રેન સંઘર્ષ, પશ્ચિમ એશિયા, ભારતીય ઉપખંડ અને ભારત-પ્રશાંત ક્ષેત્ર સહિત યુરોપની પરિસ્થિતિ પર પણ વિસ્તૃત ચર્ચા કરી છે.

ચર્ચા દરમિયાન, આતંકવાદ વિરોધી મુદ્દો પણ એજન્ડામાં મુખ્ય હતો, જેમાં કલ્લાસે પરમાણુ જોખમોને ભારત અને EU માટે પરસ્પર ચિંતાનો વિષય ગણાવ્યો. યુરોપના તેમના અઠવાડિયાના પ્રવાસ દરમિયાન, જયશંકર દ્વિપક્ષીય સંબંધોને મજબૂત બનાવવા અને આતંકવાદ સામે શૂન્ય-સહિષ્ણુતાની ભારતની નીતિના પુનરોચ્ચાર માટે ફ્રાન્સના નેતાઓ સાથે પણ વાતચીત કરશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# PIYUSH GOYAL- SWISS

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે સ્વિસ ફેડરલ કાઉન્સિલર ગાય પરમેલિન સાથે મશીનરી, ઇલેક્ટ્રિકલ અને મેટલ ઉદ્યોગ અંગેની વ્યાપાર બેઠકની સહ-અધ્યક્ષતા કરી હતી. આ બેઠક બાદ સોશિયલ મીડિયા સંદેશમાં, મંત્રીએ જણાવ્યું કે, બંને દેશોએ નવી રોકાણ તકો પર પણ ધ્યાન કેન્દ્રિત કર્યું.

## (બાઇટ- પિયૂષ ગોયેલ,કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી)

વાણિજ્ય મંત્રની ઉપસ્થિતીમાં ઔદ્યોગિક સહયોગને મજબૂત કરવા, નવીનતાને પ્રોત્સાહન આપવા, વૃદ્ધિ અને કૌશલ્ય વિકાસ માટે ભારતીય વ્યાપાર ચેમ્બર ASSOCHAM અને સ્વિસમેમ વચ્ચે એક MoU પર હસ્તાક્ષર થયા હતા. ઉદ્યોગ

સાથે વાતચીત ઉપરાંત, ગોયલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઇન્ડિયા (ICAI) ના સ્વિટ્ઝર્લૅન્ડ ચેપ્ટરના સભ્યોને પણ મળ્યા.

# CALIFORNIA PROTESTS

અમેરિકાના લોસ એન્જલસમાં મરીન અને નેશનલ ગાર્ડ ટુકડીઓને તૈનાત કરવાના ટ્રમ્પ તંત્રને રોકવા માટે તાત્કાલિક પ્રતિબંધના આદેશની વિનંતીને સાન ફ્રાન્સિસ્કોના એક ફેડરલ ન્યાયાધીશે નકારી કાઢી છે. આ વિનંતી ગવર્નર દ્વારા કરવામાં આવી હતી. ન્યાયાધીશ ચાર્લ્સ આર બ્રેયરે આ વિનંતીની વધુ સુનાવણી આવતીકાલે મુકરર કરી છે. ગેરકાયદે વસાહતીઓના ઉગ્ર પ્રદર્શનને રોકવા માટે ટ્રમ્પ દ્વારા લોસ એન્જેલોસમાં નેશનલ ગાર્ડ તૈનાત કરવાના આદેશ અપાયા હતા.

# AXIOM 4 POSTPONED

ભારતીય અવકાશયાત્રી શુભાંશુ શુક્લા અને અન્ય ત્રણ લોકોને લઈ જતું એક્સિઓમ-4 મિશન બીજી વખત મુલતવી રાખવામાં આવ્યું છે. નાસાના જણાવ્યા અનુસાર, એક્સિઓમ સ્પેસ અને સ્પેસએક્સ આજે લોન્ચ નહીં થાય. પોસ્ટ-સ્ટેટિક ફાયર ફાલ્કન નવ રોકેટના નિરીક્ષણ દરમિયાન પ્રવાહી ઓક્સિજન લીકની સમસ્યાની જાણકારી મળી હતી. જેને સુધારવા માટે સ્પેસએક્સ ટીમ કાર્ય કરી શકે તે માટે આ ઉડ્ડયન મોકૂફ રાખામાં આવ્યું છે. નાસાએ જાહેરાત કરી છે કે સમારકામ કાર્ય પૂર્ણ થયા પછી મિશન માટે નવી લોન્ચ તારીખ આપવામાં આવશે.

# CEC-SWEDEN

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે સ્વીડનના સ્ટોકહોમમાં આંતર-રાષ્ટ્રીય આઇ. ડી. ઇ. એ. પરિષદમાં ચૂંટણી વ્યવસ્થાપન સંસ્થાઓના વડાઓ સાથે દ્વિપક્ષી બેઠકો યોજી હતી. ગઈકાલે થયેલી દ્વિપક્ષી બેઠકો દરમિયાન મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે વિવિધ ચૂંટણી વ્યવસ્થાપન સંસ્થાઓના વડાઓ અને વરિષ્ઠ અધિકારીઓ સાથે રૂબરૂ ચર્ચા કરી હતી, જેમાં વૈશ્વિક ચૂંટણી અનુભવો અને નવીનતાઓ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

# FOOTBALL-INDIA

ભારતની વરિષ્ઠ પુરૂષ ફૂટબોલ ટીમ ગઈકાલે સાંજે કોવલૂનમાં નિર્ણાયક AFC એશિયન કપ ક્વોલિફાયરમાં યજમાન હોંગકોંગ સામે 1-0 થી હારી ગઈ હતી. હોંગકોંગના સ્ટીફન પરેરાએ 94મી મિનિટમાં ઈન્જરી ટાઇમમાં ગોલ કરીને જીત મેળવી હતી. આ હાર સાઉદી અરેબિયામાં 2027 એશિયન કપ માટે ક્વોલિફાય થવાની ભારતની શક્યતાઓ સામે સવાલ ઉભા કરી રહી છે.

અન્ય ગ્રુપ સી એક્શનમાં, સિંગાપુરે બાંગ્લાદેશને 2-1 થી હરાવીને ટેબલમાં ટોચ પર પહોંચ્યું હતું, જ્યારે હોંગકોંગ બીજા સ્થાને પહોંચી ગયું હતું. એક પોઈન્ટ સાથે ભારત સૌથી નીચે છે અને માત્ર ગ્રૂપ વિજેતા જ 2027 AFC એશિયન કપ માટે ક્વોલિફાય થશે. અગાઉ ભારત અને બાંગ્લાદેશની મેચ ડ્રોમાં પરિણમી હતી.

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે અનિલ પટેલ

આજના અખબારોએ વિવિધ સમાચારોને હેડલાઇનમાં સ્થાન આપ્યું છે.

1) સંદેશની હેડલાઇન છે-, ઓસ્ટ્રિયાની શાળામાં ગોળીબારમાં 11 વિદ્યાર્થીનાં મૃત્યુ,
2) દિવ્યભાસ્કરે પણ આ સમાચાર પ્રથમ પાને પ્રકાશિત કર્યા છે.
3) દેશનાં અનેક રાજ્યોમાં તીવ્ર ગરમીનાં સમાચારને તસવીર સાથે હેડલાઇન બનાવી ગુજરાત સમાચાર લખે છે-47 ડિગ્રી તાપમાનથી બળબળતું ઉત્તર ભારત
4) અમેરિકાના લોસ એન્જલસમાં પ્રદર્શકો અને કમાન્ડો વચ્ચે સંઘર્ષનાં સમાચારને નવગુજરાત સમાચારે હેડલાઇન બનાવી શિર્ષક આપ્યું છે- લોસ એન્જલસની આગ અમેરિકાનાં અન્ય શહેરોમાં ફેલાઇ, ગુજરાત સમાચાર લખે છે- લોસ એન્જલસમાં રમખાણો ડામવામાં ટ્રમ્પ નિષ્ફળ-શેરી યુધ્ધ જેવી સ્થિતિ
5) ટાઇમ્સ ઓફ ઇન્ડિયા પ્રથમ પાને અહેવાલમાં જણાવે છે કે, દેશમાં કોવિડનાં કેસો વધી રહ્યા હોવાથી આજે કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં હાજર રહેનારા મંત્રીઓને આરટી-પીસીઆર ટેસ્ટ કરીને આવવા જણાવવામાં આવ્યું છે.
6) વિદેશ મંત્રી ડોક્ટર એસ જયશંકરે 9 જુલાઇની સમયમર્યાદા પહેલાં અમેરિકા સાથે ટેરિફ મુદ્દે સમજૂતિ થવાની આશા વ્યક્ત કરી હોવાનાં સમાચાર ઇન્ડિયન એક્સપ્રેસની હેડલાઇન છે.—